દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

ગુરુવાર ૧૯ માર્ચ, ૨૦૨૬

# જ્યારે ન્યાયાધીશોના જ મંતવ્યો અલગ હોય ત્યારે અરજદારના બંને મંતવ્યોને સાચા માનવા જોઈએ: સુપ્રીમ

ભારતમાં સર્વોપરી બંધારણ છે અને તેની મર્યાદામાં રહીને અનેક કાયદાઓ ઘડવામાં આવ્યા છે. પ્રત્યેક કાયદો બંધારણની જોગવાઈનું ઉલ્લંઘન કરતો હોવો જોઈએ નહીં. જોકે, ક્યારેક એવું પણ થાય છે કે જ્યારે બંધારણની જોગવાઈને બે રીતે સાચી જોવામાં આવતી હોય. આવા સંજોગોમાં ન્યાયાધીશો માટે પણ એકમત થવું અઘરું બને છે.

જાણકારી અને સમજણને કારણે એવું બની શકે છે કે, ન્યાયાધીશોનું મંતવ્ય અલગ પડતું હોય. તેવા સંજોગોમાં આ જોગવાઈને બંને રીતે જોનારને સાચો માનવો જોઈએ. સુપ્રીમ કોર્ટમાં સામાન્ય રીતે કેસ આવતા હોય છે અને ચુકાદાઓ આવતા હોય છે પરંતુ તાજેતરમાં એક અનોખો ચુકાદો આપ્યો. કાયદાના જાણકારો માટે આ ચુકાદો ખૂબ જ મહત્વનો છે.

સુપ્રીમ કોર્ટે એવો ચુકાદો આપ્યો હતો કે જ્યારે ન્યાયાધીશોના મંતવ્યો પણ અલગ હોય ત્યારે તેવા કિસ્સામાં કાયદાના સ્નાતક વિદ્યાર્થી પાસેથી પરીક્ષામાં સો ટકા સાચા જવાબની અપેક્ષા રાખવી તે ખોટી છે. આ કેસ એવો હતો કે જે બંધારણ વિશેના પ્રશ્નમાં ગુંચવાયેલો હતો. સુપ્રીમ કોર્ટે આ અવલોકન સાથે ચંદીગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કાયદાના અધિકારીની પોસ્ટ પર કેસ કરનાર વિદ્યાર્થીની પણ નિમણુંક કરવાનો આદેશ કર્યો હતો.



આ વિવાદ સને 2021માં ચંદીગઢમાં કાયદા અધિકારીની ભરતી માટે લેવાયેલી પરીક્ષાથી ઉભો થયો હતો. આ પરીક્ષામાં પ્રશ્ન ક્રમાંક 73માં એવું પુછવામાં આવ્યું હતું કે, 'મૂળભૂત અધિકારોના ઉલ્લંઘનના આધારે બંધારણની કઈ અનુસૂચિ ન્યાયિક સમીક્ષાથી મુક્ત છે?'. ભરતી બોર્ડે તેનો સાચો જવાબ નવમી અનુસૂચિ એટલે કે વિકલ્પ બી ગણાવ્યો હતો. જ્યારે અમિતકુમાર શર્મા નામના આ ઉમેદવારે ઉપરોક્તમાંથી કોઈ નહીં એટલે કે વિકલ્પ ડી પસંદ કર્યો હતો. આ ઉમેદવારની એવી દલીલ હતી કે આઈઆર કોએલ્હો કેસના ચુકાદા મુજબ હવે કોઈપણ અનુસૂચિ સંપૂર્ણપણે ન્યાયિક સમીક્ષાથી મુક્ત નથી. આ બાબતે હાઈકોર્ટના સિંગલ જજે વિકલ્પ બીને સાચો ગણાવ્યો હતો. જ્યારે ડિવિઝન બેન્ચે વિકલ્પ ડીને સાચો ગણાવ્યો હતો. જેને કારણે આ મામલો સુપ્રીમ કોર્ટ સમક્ષ આવ્યો હતો. ભાગ્યે જ આવતા આવા કેસમાં જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ પ્રશાંતકુમારની બેન્ચે માનવીય અભિગમ અપનાવ્યો હતો.

કોર્ટે જણાવ્યું હતું કે, કેશવાનંદ ભારતી અને કોએલ્હો જેવા દાયકાઓ જૂના જટિલ ચુકાદાઓનું વિશ્લેષણ કરવામાં જ્યારે ન્યાયાધીશોના મંતવ્યો જુદા પડી રહ્યા છે ત્યારે એક વિદ્યાર્થીનો જવાબ બંને દ્રષ્ટિકોણથી સાચો માનવો જોઈએ. પ્રશ્નની ભાષા જોતાં 'નવમી અનુસૂચિ'સાચો જવાબ લાગે છે પરંતુ કાયદાના ઊંડા જ્ઞાન મુજબ 'કોઈ નહીં' પણ સાચુ છે.

આ અનોખા કેસમાં સુપ્રીમ કોર્ટે વચગાળાનો રસ્તો કાઢ્યો હતો અને ચંદીગઢ મ્યુનિસિપલ કોર્પોરેશનને એવો આદેશ કર્યો હતો કે જે પોસ્ટની ભરતી માટે પરીક્ષા લેવામાં આવી હતી તેની પર હાલમાં પસંદ થયેલો જે ઉમેદવાર નોકરી કરી રહ્યો છે તેને ચાલુ રાખવામાં આવે અને આ કેસ કરનાર અમિતકુમાર શર્માને નવી વધારાની જગ્યા ઉભી કરીને તેની પર નિમણુંક આપવામાં આવે. સુપ્રીમ કોર્ટે આ ચુકાદાથી એવું સાબિત કરી આપ્યું કે કાયદો માત્ર કડકાઈથી પાલન કરવા માટે નથી પરંતુ પરિસ્થિતિ પ્રમાણે તેમાં ન્યાય કરવો પણ જરૂરી હોય છે. સુપ્રીમ કોર્ટે આપેલા આ ચુકાદાએ ન્યાયાધીશોની સમજણને પણ માન આપ્યું અને સાથે સાથે કાયદાના વિદ્યાર્થી દ્વારા જે સમજણ બતાવવામાં આવી અને જવાબ આપવામાં આવ્યો તેને પણ યોગ્ય ઠરાવવામાં આવ્યો. સુપ્રીમ કોર્ટે આપેલો આ ચુકાદો અનેક કેસ માટે સિમાચિન્હરૂપ સાબિત થાય તેમ છે. આ ચુકાદાથી અનેક કેસમાં ચુકાદો આપવો ન્યાયાધીશો માટે સરળ બનશે તે નક્કી છે.

# ઘરમાં ગેસનો બાટલો અને હોટલ રેસ્ટોરાંની જરૂરિયાત માટેના પુરવઠાની કટોકટીમાંથી આપણે પસાર થઈ રહ્યાં છીએ

## ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

**ભારત રોજના ૪૮ લાખ જેટલા ૧૪.૨ કિલો વજન ધરાવતા રાંધણ ગેસના બાટલા વાપરે છે, જે માટે ૬૮૦૦૦ ટન એલપીજી એટલે કે દેશના કુલ વપરાશનો ૮૫% એલપીજી જોઈએ**

ઈઝરાયેલ અને અમેરિકાનું ઈરાન સાથે યુદ્ધ શરૂ થવાને કારણે એક મોટી ચિંતાનો વિષય ઘરમાં તેમજ હોટલોમાં વપરાતાં રાંધણ ગેસ (એલપીજી)ના પુરવઠા ઉપર પડેલી અસર છે. જવાબદાર નાગરિક તરીકે કોઈ પણ પ્રકારના રાજકીય રાગદ્વેષ વગર ઉપલબ્ધ હકીકતો શોધી માર્ગદર્શન પૂરું પાડવાનો પ્રયાસ કરીએ.

ભારત રોજના ૪૮ લાખ જેટલા ૧૪.૨ કિલો વજન ધરાવતા રાંધણ ગેસના બાટલા વાપરે છે, જે માટે ૬૮૦૦૦ ટન એલપીજી એટલે કે દેશના કુલ વપરાશનો ૮૫% એલપીજી જોઈએ.

હોટલ અને રેસ્ટોરાંમાં ૧૯ કિલોનો બાટલો વપરાય છે, જેને આપણે કોમર્શિયલ સિલિન્ડર કહીએ છીએ. આખા દેશમાં આ બાટલાની જરૂરિયાતનો અંદાજ રોજના ૬ લાખ ૩૦ હજારનો છે, જે માટે ૧૨૦૦૦ ટન એલપીજી જોઈએ. મોટા ભાગની રેસ્ટોરાં અથવા હોટલ સરેરાશ રોજના બે થી ત્રણ બાટલા વાપરે છે.

આમ ભારતમાં ૮૦ થી ૮૫% કુકિંગ ગેસ તરીકે ઘરે વપરાતા બાટલામાં એલપીજીનો ઉપયોગ થાય છે જ્યારે પંદરથી વીસ ટકાનો ઉપયોગ કમર્શિયલ હેતુસર થાય છે.

જ્યાં સુધી ગુજરાતને લાગેવળગે છે ત્યાં સુધી ગુજરાત કુકિંગ ગેસ એટલે કે ૧૪.૨ કિલોનો બાટલો લગભગ ૧૦ થી ૧૫ લાખ રોજ વાપરે છે. ભારતના કુલ વપરાશ ૪૮ લાખ બાટલા સામે ગુજરાતનો હિસ્સો છ થી સાત ટકા છે. એવું માની શકાય કે હવે રીફીલ ૨૫ દિવસ પહેલાં નહીં મળે તો લગભગ માંગને પહોંચી વળે એટલો પુરવઠો આપણી પાસે છે.

કમર્શિયલ સિલિન્ડરના પુરવઠામાં શૉર્ટેજ દેખાવા માંડી છે અને અત્યારે લગભગ ૧૦ થી ૧૫ દિવસનો વેઈટિંગ પિરિયડ છે.

હોર્મુઝ સ્ટ્રેટ ભારતની ક્રુડ ઓઈલ,એલપીજી અને એલએનજી (લિક્વિફાઈડ નેચરલ ગેસ)ની આયાત માટે વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વની છે.

ફારસની ખાડીના દેશોમાંથી ભારતને મળતો મોટા પ્રમાણમાં ઊર્જા પુરવઠો અહીંથી પસાર થાય છે.

હોર્મુઝમાંથી ભારતની ક્રુડ ઓઈલ આયાતનો લગભગ ૫૦% ભાગ પસાર થાય છે, જે ઈરાક,સાઉદી અરેબિયા અને કુવૈત જેવા દેશોમાંથી આવે છે. હાલની પરિસ્થિતિમાં ભારત વૈકલ્પિક સપ્લાય ઊભો કરીને ૭૦% આયાત હોર્મુઝ સ્ટ્રેટની બહારથી લાવે છે જેમાં રશિયા પાસેથી મળતા પુરવઠાનો પણ સમાવેશ થાય છે. આમ છતાંય હજુ પણ હોર્મુઝના રસ્તે ૨૫ થી ૨૭ લાખ બેરલ આવે છે.

તાજેતરના સમાચાર એવા છે કે શિવાલિક અને નંદાદેવી નામના ભારતનો ધ્વજ ધારણ કરતાં ગેસ ટેન્કર હોર્મુઝ પસાર કરી ભારતના બંદરે પહોંચ્યાં. આ બંને જહાજો લગભગ ૯૨,૭૦૦ મેટ્રિક ટન એલપીજી લઈને ગુજરાતનાં મુન્દ્રા અને કંડલા બંદરે આવ્યાં. શિવાલિક ૧૬ માર્ચ ૨૦૨૬ની સવારે મુંદ્રા અને નંદાદેવી ૧૭ માર્ચ ૨૦૨૬ની સવારે કંડલા બંદરે પહોંચ્યું. આ બંને ટેન્કરનું ભારત પહોંચવું ભારતના ગેસ સંકટ દરમિયાન મહત્ત્વની ઘટના છે.

શિવાલિક અને નંદાદેવી જહાજનો એલપીજી કેટલા રસોઈ ગેસ સિલિન્ડર બનાવી શકે?

શિવાલિક અને નંદાદેવી ગેસ ટેન્કર બંનેમાં થઈને કુલ ૯૨,૭૦૦ મેટ્રિક ટન એલપીજી ગેસ છે, જેમાંથી ૧૪.૨ કિલોના ૬૫ લાખ કુકિંગ ગેસ એટલે કે રસોઈ માટેના ગેસના સિલિન્ડર બની શકે.

આ જથ્થો ગુજરાત અને ભારતના રસોઈ ગેસના સંકટને કાંઈક અંશે રાહત આપશે. એક માહિતી મુજબ આ ગેસ મુન્દ્રા અને કંડલા બંદરે પહોંચ્યા બાદ ગુજરાતનાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ જેવાં શહેરો તથા મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વેચાશે જેમાં ઘરેલું ગ્રાહકોને પ્રાથમિકતા મળશે.

ગુજરાતમાં શિવાલિક અને નંદાદેવી જહાજ આવવાના કારણે કુકિંગ ગેસની ઉપલબ્ધિમાં ઘણી રાહત મળશે. દરેકે ધીરજ રાખવી અને આવા અસામાન્ય સંજોગોમાં ભારત સરકાર તેમજ ઓઈલ અને ગેસ કંપનીઓ સાથે પૂરેપૂરો સહયોગ કરવો જોઈએ. સંઘરાખોરીથી દૂર રહેવું જોઈએ. આ બંને જહાજો ગુજરાતના કંડલા અને મુન્દ્રા બંદરે પહોંચતાં જહાજોના અનલોડીંગ અને વિતરણ નેટવર્ક દ્વારા ૯૨,૭૦૦ મેટ્રિક ટન એલપીજી ૪૮ કલાકમાં મુખ્ય શહેરોમાં પહોંચી જશે જેને કારણે ૧૮-૧૯ માર્ચ સુધીમાં પુરવઠામાં ઘણી રાહત થઈ જશે, એટલે કોઈએ ગભરાટમાં આવીને પેનિક બાઈંગ માટે દોડાદોડ કરવી નહીં.

ભારત સરકારે રિફાઈનરીઓમાં પણ ઉત્પાદન વધાર્યું છે એટલે ત્યાંથી પણ વધુ પુરવઠો મળશે. આમ હાલના સંયોગોમાં બીજું કંઈ અણધાર્યું ન બને તો રાંધણ ગેસની અછત ઝાઝી નડશે નહીં અને પુરવઠાની સ્થિતિ સુધરશે. ચારથી આઠ અઠવાડિયાં કે તેથી લાંબો સમય પણ હોર્મુઝની કટોકટી ચાલે તો એને પહોંચી વળવા ૮ માર્ચ ૨૦૨૬થી આપણી રિફાઈનરીઓએ એલપીજીનું ઉત્પાદન ૨૫થી ૨૮% વધાર્યું છે. આ ઉપરાંત અખાતના દેશો સિવાયના દેશોમાંથી પણ ગેસ લાવવા માટે ભારત સરકાર સતત પ્રયત્નશીલ છે. એટલે ગુજરાતની ૧૦ થી ૧૫ લાખ સિલિન્ડરની રોજની જરૂરિયાત પહોંચી વળવામાં વાંધો આવવો જોઈએ નહીં.

હોટલ અને રેસ્ટોરાં માટેના ૧૯ કિલોવાળા ગેસ સિલિન્ડરમાં પ્રમાણમાં પરિસ્થિતિ વધારે ખરાબ છે અને એમાં તાત્કાલિક સુધારો આવે એવું દેખાતું નથી.

આમ, વૈશ્વિક યુદ્ધની અસરો આપણા રસોડા સુધી પહોંચી તો છે, પરંતુ ભારતની વ્યૂહાત્મક તૈયારીઓ અને 'શિવાલિક' તથા 'નંદાદેવી' જેવાં જહાજોનું આગમન આશાનું કિરણ જગાવે છે. સરકાર દ્વારા રિફાઈનરીઓમાં ઉત્પાદન વધારવાનો નિર્ણય અને હોર્મુઝ સ્ટ્રેટની બહારથી સપ્લાય લાવવાના પ્રયાસો દર્શાવે છે કે આપણે આ સંકટને પહોંચી વળવા સક્ષમ છીએ. નાગરિક તરીકે આપણી ફરજ માત્ર એટલી જ છે કે આપણે અફવાઓથી દૂર રહીએ, જરૂરિયાત પૂરતો જ ગેસ વાપરીએ અને 'પેનિક બાઈંગ' કરીને કૃત્રિમ અછત ન સર્જીએ. જો આપણે સંયમ જાળવીશું, તો આ કટોકટીનાં વાદળો ટૂંક સમયમાં જ વિખેરાઈ જશે અને જીવન ફરી સામાન્ય ગતિએ ધબકતું થશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## સાચા ભક્તની રીસ

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક દિવસ ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન વિહાર કરવા નીકળ્યા, અર્જુનના મનમાં એમ હતું કે હું કૃષ્ણનો સૌથી પરમ ભક્ત અને નિકટતમ સખા છું. ભગવાન કૃષ્ણ પોતાના વ્હાલા અર્જુનના મનનો આ ગર્વ પામી ગયા હતા.

ભગવાન કૃષ્ણએ અર્જુનને કહ્યું, 'સખા, આજે તને હું એક મારા ભક્તની સાથે મેળવીશ.' આટલું કહી પ્રભુ અર્જુનને એક નિર્ધન બ્રાહ્મણ પાસે લઈ ગયા.



બ્રાહ્મણનો વર્તાવ એકદમ વિચિત્ર હતો. તે સૂકી ઘાસ થાતો હતો, કમર પર એક તલવાર લટકાવી હતી. અર્જુને પૂછ્યું, 'ભૂદેવ, તમે આ સૂકી ઘાસ શું કામ આરોગો છો?' બ્રાહ્મણે કહ્યું, 'હું અહિંસાનો પુજારી છું રાંધવાથી જંતુઓ મરી જાય એટલે રાંધ્યા વિના સૂકી ઘાસ જ આરોગું છું.' અર્જુનને આગળ પૂછ્યું, 'ભૂદેવજી, આપ અહિંસાના પૂજારી છો તો પછી તમે હિંસાના પ્રતિક સમી આ તલવારને શું કામ સાથે રાખી છે?' બ્રાહ્મણે કહ્યું, 'હું અમુક લોકોને દંડ આપવા માંગુ છું. જે મારા પરમ ઇષ્ટદેવને કષ્ટ આપે છે.'

અર્જુને જિજ્ઞાસા સાથે પૂછ્યું, 'ભૂદેવજી, તમે કોને દંડિત કરવા માંગો છો?' ભક્ત બ્રાહ્મણ બોલ્યો, 'હું નારદજીને શોધું છું જે સદા 'નારાયણ નારાયણ' કરી મારા પ્રભુને સતત જાગૃત રાખે છે... હું દ્રૌપદીને શોધું છું જે જ્યારે મુસીબત પડે ટાણે કટાણે મારા પ્રભુને મદદ માટે પોકારે છે અને પ્રભુ અન્ન નિંદ્રા ત્યાગી તેની અને પાંડવોની મદદ કરવા દોડી જાય છે. હું શબરીને શોધું છું જેણે મારા પ્રભુને એઠા બોર ખવડાવ્યા.

હું પેલા ભક્ત પ્રહલાદને શોધું છું જેને કારણે મારા પ્રભુને ગરમ થાંભલામાંથી પ્રગટ થવું પડ્યું. હું અર્જુનને શોધું છું જેને મારા ભગવાનને સારથી બનાવ્યા. ભગવાનની સુવિધાનો કોઈએ ખ્યાલ ન કર્યો કેટલું કષ્ટ પડ્યું હશે મારા પ્રભુને આટલું બોલતાં નિર્ધન બ્રાહ્મણની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા.

બ્રાહ્મણની વાત સાંભળી અર્જુનનું અભિમાન ચુરચુર થઈ ગયું. તેને જાણ્યું કે પોતે અને ભગવાનના બીજા અનન્ય ભક્તો, જેને માટે ભગવાન ખડે પગે મદદ કરવા તૈયાર રહે છે તે બધાએ ભગવાનને ભક્તિના બદલામાં ઘણા કષ્ટ આપ્યા છે, ઘણી માંગણીઓ કરી છે. જ્યારે આ નિર્ધન બ્રાહ્મણ ભક્ત બધાથી જ ચઢિયાતો છે જે પ્રભુની નિસ્વાર્થ ભક્તિ કરે છે કોઈ માગણી કરતો નથી.

ઈશ્વરની માત્ર ભક્તિ કરો માગણી ન કરો. શ્રદ્ધાથી સમર્પણ કરો અભિમાન ન કરો.

# કચરા ફેંકો, તમાશા દેખો

## ફીર દેખો યારોં

બીરેન કોઠારી

**આપણા દેશમાં અત્રતત્રસર્વત્ર કોઈ પણ સમસ્યાના ઉકેલ વિચારવામાં આવે તે મુખ્યત્વે લક્ષણોને ડામવાના હોય છે. મૂળભૂત બિમારીનો ઈલાજ કરવાની નથી કોઈની વૃત્તિ કે નથી કોઈનું વલણ**

'સ્વચ્છતા અભિયાન'ની દેશભરમાં બોલબાલા છે અને ગાંધીજીનાં ગોળ ચશ્માંનું પ્રતીક ઠેરઠેર જોવા મળી રહ્યું છે. ગાંધીજીએ મનની સ્વચ્છતા પર પણ એટલો જ ભાર મૂક્યો હતો. પોતાની જવાબદારી હોય એવાં કામ કરવાનો દેખાવ કરવામાંય પોતાની સિધ્ધિ ગણાવતી સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાનનો પ્રચાર જોરશોરપૂર્વક કરવામાં આવે છે. કચરો એકઠો કરવાના વાહન દ્વારા જોરશોરથી વગાડાતા ગાયનના શ્રવણથી હવે અનેક લોકોની સવાર પડે છે. તેનાથી એટલો ખ્યાલ આવે છે કે સ્વચ્છતા અભિયાન હજી અટક્યું નથી. આ વાહનમાં પોતાના ઘરનો કચરો પધરાવનારને કદી એવો સવાલ થતો હશે ખરો કે વાહનમાં એકઠો થયેલો કચરો ક્યાં પધરાવાતો હશે? આવો સવાલ ઘણાને થતો હોય તો પણ પછી એનો જવાબ મેળવવાનો પ્રયત્ન ભાગ્યે જ કોઈ કરતું હશે. આનો જવાબ મેળવવાના પ્રયત્નરૂપે ફેબ્રુઆરી, 2026માં બેંગલુરુમાં બનેલી એક ઘટના પર નજર કરવા જેવી છે. બેંગલુરુ શહેર દિવસરાત સતત વિસ્તરી અને વિકસી રહ્યું છે. અનેક લોકોને રોજગારી પૂરી પાડતું કેન્દ્ર કોઈ શહેર બને એની સાથે એની સમસ્યાઓ પણ વિકસે અને વિસ્તરે છે. બેંગલુરુનો વિસ્તાર એટલો છે કે તેમાંથી પેદા થતા ઘન કચરાને વિવિધ સ્થળે એટલે કે લેન્ડફીલ પર ઠાલવવામાં આવે છે. પૂર્વ અને ઉત્તર બેંગલુરુનો ઘન કચરો બેલાહલ્લી ગામ નજીક આવેલા લેન્ડફીલ પર ઠલવાય છે. સ્વાભાવિકપણે જ અહીં અનેક ભારે વાહનોની અવરજવર રોજેરોજ ચાલતી રહેતી હોય. કચરાના આવા એક વાહનના કારણે ગામના એક બાળકનું મૃત્યુ થયું એ સાથે જ ગામલોકોનો રોષ ભભૂકી ઊઠ્યો. તેઓ રીતસર રસ્તા પર આવી ગયાં અને અહીં આવતાં વાહનોને તેમણે અટકાવ્યાં. જોતજોતામાં દોઢસો બસો ખટારાઓની લાઈન પડી ગઈ. ગામલોકો બબ્બે દિવસ સુધી વિરોધ પ્રદર્શિત કરતાં રહ્યાં. એ વખતે બેંગલુરુના પૂર્વ અને ઉત્તર વિસ્તારોની સ્થિતિ શી થઈ હશે એની કલ્પના કરવી રહી!

જો કે, ગામલોકોનો વિરોધ કંઈ પેલા બાળકના આકસ્મિક મોતને લઈને જ હતો એમ નહીં, પણ એ નિમિત્તે તેમને એ પ્રદર્શિત કરવાની તક મળી. કેમ કે, દિવસ આખો અહીંના સાંકડા, ધૂળિયા રસ્તા પર કચરાનાં વાહનોની અવરજવરને લઈને અહીં આવનજાવન જોખમી બની રહે છે. આ ઉપરાંત અહીં ભૂગર્ભજળ પ્રદૂષિત થઈ ગયું છે, જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે, કચરો બાળવાને કારણે ઝેરી ધુમાડો પ્રસરે છે અને શ્વાસમાં ભળે છે. ટૂંકમાં નર્કથીય બદતર સ્થિતિ પેદા થઈ ગઈ છે. સત્તાવાળાઓએ ગામલોકોના આ વિરોધને પહેલાં તો આવશ્યક સેવાઓમાં વિક્ષેપનું કારણ આપીને દબાવવા પ્રયત્ન કર્યો, પણ ગામલોકો મક્કમ રહ્યાં. આખરે સત્તાવાળાઓ વાટાઘાટો માટે તૈયાર થયા અને તેમણે જરૂરી પગલાં લેવાની ખાતરી આપી એ પછી ગામલોકોએ વિરોધ પાછો ખેંચ્યો.

મુદ્દાનો સવાલ એ છે કે જે જરૂરી પગલાં લેવાની સત્તાવાળાઓએ ખાતરી આપી એના અમલ માટે વિરોધ પ્રદર્શન સુધી રાહ જોવાની જરૂર હતી? કેમ કે, ગામલોકોના જણાવ્યા અનુસાર પીવાનાં પાણી, રોડ, શાળા અને સ્વાસ્થ્યને લગતી સુવિધાઓ માટે ફાળવાયેલાં નાણાં છેલ્લાં બે વરસથી તુમારશાહીમાં અટવાયેલાં પડ્યાં છે. હજી તો સત્તાવાળાઓએ આમ કરવાની બાંહેધરી આપી છે અને ઊભી થયેલી તણાવગ્રસ્ત પરિસ્થિતિને તત્પૂરતી થાળે પાડી છે. વાસ્તવમાં કામ થાય ત્યારે ખરું. આપણા દેશમાં અત્રતત્રસર્વત્ર કોઈ પણ સમસ્યાના ઉકેલ વિચારવામાં આવે તે મુખ્યત્વે લક્ષણોને ડામવાના હોય છે. મૂળભૂત બિમારીનો ઈલાજ કરવાની નથી કોઈની વૃત્તિ કે નથી કોઈનું વલણ. આથી જ બેલાહલ્લીમાં ઊભી થયેલી પરિસ્થિતિ કદાચ કામચલાઉ ધોરણે થાળે પડી, પણ ઘન કચરાના નિકાલની સમસ્યા એમની એમ ઊભી રહી. પેદા થતો કચરો, તેનું વિવિધ તબક્કે વિભાજન, એ પછી તેનો યોગ્ય રીતે નિકાલ શી રીતે કરવો તેનું આયોજન હજી દૂર જણાય છે. રખે એમ માની લેવાય કે આ સ્થિતિ કેવળ બેંગલુરુ પૂરતી છે. દેશ આખામાં આ પરિસ્થિતિ વ્યાપેલી છે અને ખાસ કરીને શહેરના સીમાડે આવેલાં ગામડાં કચરાના ઢગ બની રહ્યાં છે.

બેલાહલ્લી પહેલાં મંડુર ગામ પાસે આવું લેન્ડફીલ હતું. તેને કારણે અહીંનું ભૂગર્ભ જળ ઝેરી બની જતાં ગામલોકોએ ઉગ્ર વિરોધ કર્યો અને આખરે 2014માં અહીં કચરો ઠાલવવાનું બંધ કરાયું. અહીં સિત્તેર ફીટ ઊંચો કચરાનો ઢગ ખડકાઈ ગયો હતો. હજી આ સ્થળને નવનિર્મિત કરવાની કવાયત ચાલી રહી છે. પણ મંડુરની ઘટનામાંથી બોધપાઠ શો લેવાયો? મંડુરને બદલે બેલાહલ્લીમાં કચરો ઠાલવવાનું શરૂ થયું અને અહીં પણ એ જ પરિસ્થિતિ આવી ગઈ. લેન્ડફીલ શું અનિવાર્ય છે? પહેલાં લેન્ડફીલ ઊભાં કરવાં, ત્યાં બરાબર કચરો ઠાલવીને તેની આસપાસના વિસ્તારને પ્રદૂષિત કરી મૂકવો અને પછી ત્યાંથી સ્થળ બદલવું આ રીત નથી. ઘન કચરાના વ્યવસ્થાપનની રીત પણ વિકેન્દ્રિત કરવી પડશે અને તેમાં નાગરિકોની સામેલગીરી જરૂરી બની રહેશે. નીતિગત રીતે તેમજ નાગરિકોના સ્તરેથી, એમ બન્ને તરફથી નક્કર નીતિઓ ઘડીને પગલાં લેવાય તો જ આ સમસ્યા હળવી થઈ શકશે. પરિસ્થિતિ હવે એ હદે વણસી ચૂકી છે કે આ સમસ્યાનો સંપૂર્ણ ઉકેલ કદાચ શક્ય નથી.

કચરા બાબતે હજી નાગરિકોમાં પણ જોઈએ એવી જાગૃતિ નથી અને એ કારણે તેઓ તંત્ર પર પણ તેની નીતિ ઘડવા બાબતે યોગ્ય પ્રભાવ ઊભો કરી શકતા નથી. પોતાનું આંગણું સ્વચ્છ રાખવું જરૂરી છે, પણ આપણે 'બહાર' ફેંકેલો કચરો છેવટે આપણાથી સહેજ જ દૂર રહે છે. આ બાબતે નવેસરથી વિચારવાની જરૂર છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## પ્યાલો મેં પીધેલ છે ભરપૂર

આદિવાસી પછાત વર્ગના જાતિ સમૂહના વિસ્તારમાં મહદ્ અંશે ક્ષત્રિય શૂરા ભાથીજી મહારાજને માનનારો, તેની ભક્તિ કરનારો સમાજ અધિક છે. દક્ષિણ ગુજરાતનાં માંડવી, માંગરોળ, વ્યારા, ઉમરપાડા, સોનગઢ, વ્યારા, ડોલવણ, ઉચ્છલ, નિઝર, સાગબારા, ડેડિયાપાડા, નેત્રંગ, ઝઘડિયા, વાલિયા તાલુકાઓમાં મહદ અંશે સદર સંપ્રદાયનાં અધિક ભકતો આસ્થા-વિશ્વાસથી બાપાની ભક્તિ કરે છે. મહારાષ્ટ્રના ધડગાંવ, ખાપર, અક્કલકુવા, શહાદા, નંદુરબાર, સાક્રી, અમળનેર, ધુલિયા અને એમ.પી. ના એકાદ બે તાલુકાઓમાં પણ સંપ્રદાયના શિષ્યો-ભકતો છે. પરંપરા મુજબ આસો નવરાત્રિના છેલ્લા દિવસે, પરમ સદ્ગુરુના સાન્નિધ્યે રાત્રે લીમડાના પાનનો રસ -રાસાયણ કે દ્રવ્યો નથી. બીજાં બધાં આલ્કોહોલિક પીણાંનો નશો તો થોડા સમયમાં જ ઊતરી જાય. પરંતુ સદ્ગુરુના સાન્નિધ્યમાં પંચશીલ સિદ્ધાંતોનો સ્વીકાર કરી, વચન-વિવેકને સાબદાં કરી જીવનપર્યંત અડગ રહી, કામ,ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર જેવા ભક્તિમાં બાધારૂપ આવેગોને ઠારવાના છે અને જીવનને ધન્ય બનાવવાનું છે ભાઈ!

**કાકડવા, ઉમરપાડા - કનોજ મહારાજ**

## લગ્ન સંબંધ

આમ તો દુનિયા અને સમાજ પહેલેથી જ પ્રેમવિરોધી રહ્યો છે. પ્રેમ કરનારાં લોકોને કંઈ કેટલીયે યાતના, પીડા સહન કરવી પડી એવાં હજારો ઉદાહરણ છે. પ્રેમને નામે કોઈની પણ જિંદગી સાથે રમત રમાય એ ખોટું જ છે. પરંતુ બે પ્રેમી જ્યારે પરિપક્વ હોય અને પોતાની મરજી લગ્ન કરી લે તે પછી સમાજ એમનાં લગ્ન ફોક કરાવે, સમાજની ઈજ્જતના નામે આ ખરેખર ખૂબ જ મોટું દુર્ભાગ્ય છે. કોઈ દીકરી બીજા સમાજમાં લગ્ન કરે તો સમાજની ઈજ્જત જાય પણ સમાજના જ છોકરાઓ ગમે તે ગુનાઓ, પાપ કે અધર્મી કૃત્યમાં પકડાય તો સમાજની આટલી બદનામી થતી નથી. જો ખરું વિચારીએ તો આ પ્રેમના અભાવમાં જ આજે સામાજિક દૂષણોમાં વધારો થયો છે. લગ્ન માતા-પિતાની મરજીથી તો થઈ જાય પણ શું બધાં જ પતિ પત્ની સાચે જ એકબીજાને પ્રેમ કરે છે ખરાં?

જો સાચે જ પ્રેમ કરતાં હોય તો નાની સમસ્યામાં પણ કેમ છૂટાછેડા થઈ જાય છે? સમાજના નામ પર હંમેશા સામાન્ય યુવક યુવતીઓની બલિ ચઢાવી દેવામાં આવે છે. સમાજ હશે જરૂરી એમાં ના નહીં પણ મારા વ્યક્તિગત જીવનમાં બધું જ જો સમાજે જ નક્કી કરવાનું હોય તો મારા સ્વતંત્ર અસ્તિત્વનું શું? આજે નહીં તો કાલે આ સમાજના બંધનની પાળો તૂટશે અને ત્યારે જે પરિસ્થિતિ હશે એના માટે જવાબદાર આજ સમાજનાં આગેવાનો હશે. જે લોકો પ્રેમને સમજે છે તેમણે આ વિષય પર જરૂર અવાજ ઉઠાવવો રહ્યો.

**સુરત - કિશોર પટેલ**

## ભારતના શિલ્પીને વંદન

હાલમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈ આવ્યા. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા , લોખંડી પુરુષથી જાણીતા સરદાર વલ્લભભાઈ પટેલની ભવ્ય પ્રતિમા જે ૧૮૨ મીટર ઊંચી છે અને સાથે ભારતની એકતા તથા અખંડિતતાનું ગૌરવપૂર્ણ પ્રતિક બની કેવડિયા ખાતે નર્મદા નદીમાં સરદાર સરોવર ડેમને નિહાળતી અડીખમ ઊભી છે. અહીં વ્યૂઈંગ ગેલેરી, મ્યુઝિયમ, વેલી ઓફ ફ્લાવર્સ, જંગલ સફારી અને રિવરફ્રન્ટ જેવા અનેક આકર્ષણો વિકસાવવામાં આવ્યા છે, જે મુલાકાતીઓને અનોખો અનુભવ કરાવે છે.ખાસ કરીને સાંજે દર્શાવવામાં આવતો લેસર લાઈટ એન્ડ સાઉન્ડ શો અત્યંત પ્રભાવશાળી છે. તેમાં સરદાર પટેલના અદમ્ય સંકલ્પ અને દૂરંદેશી નેતૃત્વની ગાથા જીવંત બની જાય છે. કેવી રીતે ૫૬૫ રાજા-રજવાડાઓને એકત્ર કરીને અખંડ ભારતની રચના થઈ તે ઈતિહાસ અહીં આંખો સામે સાકાર થાય છે. સરદાર પટેલનો દૃઢ સંકલ્પ, રાષ્ટ્રપ્રેમ અને અદભૂત રાજકીય કુશળતા જોઈને મન ગૌરવથી છલકાઈ ઊઠે છે. તેમણે પોતાના વ્યક્તિગત જીવન કરતાં પણ દેશહિતને સર્વોચ્ચ સ્થાન આપ્યું હતું.આ સ્થળ માત્ર પર્યટન સ્થળ નથી, પરંતુ નવી પેઢી માટે એકતા, દેશપ્રેમ અને રાષ્ટ્રીય ગૌરવની મહત્વતા દર્શાવતું અને પ્રેરણા આપતું જીવંત પ્રતિક છે. અખંડ ભારતની આ ગાથા આપણને શીખવે છે કે કોઈપણ મહાન લક્ષ્યને પાર પાડવા માટે અપાર ધૈર્ય, ત્યાગ, શાણપણ અને બુદ્ધિ કૌશલ્ય જરૂરી છે અને સૌથી મહત્વપૂર્ણ છે સૌને સાથે લઈને આગળ વધવાની આવડત અને દૃઢ મનોબળ શક્તિ પણ.એકવાર યુવાનો જોડે મુલાકાત લેવા ચોક્કસ જવું જોઈએ . સરદાર વલ્લભભાઈ પટેલને કોટી કોટી વંદન

**સુરત - સીમા પરીખ**

## આજની દોડતી જિંદગી અને ખોવાતી ઈન્સાનિયત

આજની જિંદગી ખૂબ ઝડપથી બદલાઈ રહી છે. દરેક વ્યક્તિ પોતાના કામ, પૈસા અને સફળતા પાછળ દોડી રહ્યો છે. આ દોડધામમાં ઘણી વખત લોકો પોતાના સંબંધો અને ઈન્સાનિયતને પાછળ મૂકી દે છે. પહેલા લોકો એકબીજાના સુખ-દુઃખમાં સાથે ઊભા રહેતા હતા, પરંતુ આજની વ્યસ્ત જિંદગીમાં લોકો વચ્ચેનું અંતર વધતું જઈ રહ્યું છે. આજના સમયમાં ટેકનોલોજી અને મોબાઈલએ જીવનને સરળ બનાવ્યું છે, પરંતુ તેની સાથે લોકો વચ્ચેનો લાગણીસભર સંબંધ થોડો ઓછો થયો છે. ઘણી વાર આપણે આપણા આસપાસના લોકોની સમસ્યાઓને સમજવા માટે સમય કાઢતા નથી. માણસની સાચી ઓળખ તેના સારા વર્તન અને ઈન્સાનિયતથી થાય છે. જીવનમાં પૈસા અને સફળતા મહત્વના છે, પરંતુ સૌથી મહત્વની વાત એ છે કે આપણે બીજા લોકો સાથે સન્માન અને મદદની ભાવના રાખીએ. જો દરેક વ્યક્તિ થોડો સમય કાઢીને બીજા લોકોની મદદ કરે અને સારા સંબંધો જાળવી રાખે, તો સમાજ વધુ સારો બની શકે. અંતમાં એટલું જ કહેવું યોગ્ય છે કે જિંદગી કેટલીય ઝડપથી આગળ વધી રહી હોય, છતાં ઈન્સાનિયત ક્યારેય ખોવાઈ જવી જોઈએ નહીં. કારણ કે ઈન્સાનિયત જ એ ગુણ છે જે માણસને સાચો માણસ બનાવે છે. પૈસા અને સફળતા માણસને મોટો બનાવે છે, પરંતુ ઈન્સાનિયત જ તેને સારો માણસ બનાવે છે.

**સુરત- પવનકુમાર ડી. વિશ્વકર્મા**

## અશાંતિ શાંતિ

જ્યારે જનસાધારણનો જીવનવ્યવહાર પ્રેમ, એકતા, સમજણ, સહકાર, શાંતિ સાથે ચાલતો રહેતો હોય ત્યારે કાલ્પનિક ભય, ધર્મ ભાવના રાજકારણ જેવાં પરિબળો ઊભા કરીને છવાઈ ગયેલી શાંતિ વિરુદ્ધ વાતાવરણ દૂષિત કરનાર માનવતા વિરોધીઓ દ્વેષ સર્જે છે, શાંતિનેપણ અસાંત સ્વરૂપ આપી દે છે. કાળક્રમે કુટુંબ વિસ્તરે ત્યારે વધારાના નવા નિવાસસ્તાનની જરૂરત ઊભી તાયછે. શહેરના ગીચ વિસ્તારમાં એવી જરૂરત સંતોષી શકાય નહીં. અને ચોથ વિસ્તારમાં મકાનની કિંમત પણ વધી ગઈ હોય ત્યારે સ્વાભાવિક છેકે ઊંચી કિંમતે જૂનું મકાન વેચી દઈ દૂર દૂરના વિસ્તારના ઓછી કિંમતના મકાનને પસંદ કરવાનું થાય.સંકટમાંયે જૂનું મકાન વેચી દેવાની ઈચ્છા જાગે દૂરના નવા વિસ્તારમાં ભલે વિભિન્નતા ધરાવનાર પરિવારો વસતા હોય, પણ સરળ જીવન વ્યવહાર થઈ શકતો હોય ત્યારે સાંપ્રદાયિક હઠાગ્રહ રહેતો નથી. યુદ્ધ, રોગચાળો કે અકલ્પ્ય આપત્તિ આવી પડે અશાંતધારાનો ઉપાય લાગુ પડે છે.

સર્વ ધર્મ સમભાવથી ચાલનાર સજ્જનો શાંતિમય જીવન જીવી શકે ચે. અશાંતધારાની ત્યારે જરૂરત રહેતી નથી, વાસ્તવમાં તો અશાંતધારાને પરિણામે ભ્રષ્ટાચાર જામે છે તેઓ લગભગ ધરાવે છે તેઓ એવા ધારાથી મુક્ત રહે ચે. આવો અન્યાયી કાયદો માત્ર સામાન્ય વ્યક્તિને જ કનડે છે. ધનવાનો અને ગંદું રાજકારણ આચરનારાઓ તેનો ભરપુર લાભ ઉઠાવે છે. તદન ખોટા સમયે, અનાવશ્યક ધારો રાષ્ટ્રીય એકતા અને માનવધર્મને ભારે નુકસાન પહોંચાડે છે. આવી ભ્રામક અશાંત શાંતિને ભારતીય સંવિધાનની ભાવનાને ઘાયલ કરી દેનાર જ ગણી શકાય.

**સુરત- યુસુફ એમ. ગુજરાતી**